| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૮ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૭/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી : – નિરંકુશ અનિલભાઇ લહાસે,**
રહે. જે.પી. કેમીકલ કંપની સામે, પાનોલી,
તા. અંકલેશ્વર, જિ. ભરૂચ,
હાલ – જિલ્લા જેલ ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી આર. ડી. મહિડા
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એમ. ડી. દાયમા

---

**–:: ચુકાદો ::–**

**(૧)** જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૧૯૯૦૨૭૨૬૦૦૯૨/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના

ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૫** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે એવી દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને તા. ૦૬/૦૨/૨૦૨૬ નાં રોજ ધરપકડ કરી નામ. કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરવામાં આવેલ અને ત્યારબાદ રીમાન્ડ પૂર્ણ થતા આરોપીને જયુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ, ત્યારબાદ અરજદાર/આરોપી તરફે નામ. ટ્રાયલ કોર્ટમાં ક્રિ.પ.અ.નં. ૨૩/૨૦૨૬ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરતા જે વિ. ટ્રાયલ કોર્ટે નામંજુર કરેલ છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપી નિર્દોષ છે, કહેવાતા ગુનામાં શંકા અને વૈમનસ્યથી ખોટી રીતે સંડોવી દીધેલ છે, આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. ફરીયાદ જોવામાં આવે તો, મુદ્દામાલ અંગે સાંકળતો કોઇ પુરાવો જણાય આવતો નથી અને અરજદાર સ્થળ ઉપરથી નાસી ભાગી ગયા હોય કે પ્રોહી. નાં મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેવો કોઇ આક્ષેપ ફરીયાદમાં જણાવેલ નથી તેમજ ફરીયાદમાં મોબાઇલ ડેટા કે અન્ય કોઇ પુરાવો મળી આવેલ નથી, પરંતુ આઇસર ટ્રકનાં ડ્રાઇવર હોવાનાં આધારે આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદ ત્રણ કલાક મોડી દાખલ કરવા માટેનો કોઇ ખુલાસો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. અરજદાર/આરોપીએ મોબાઇલ ફોન દ્વારા કે અન્ય કોઇ ઇલેકટ્રોનીક માધ્યમ દ્વારા સહ–આરોપીઓ સાથે મળી પ્રોહી. નો મુદ્દામાલ સપ્લાય કર્યો હોય તેવો કોઇ પુરાવો આરોપી સામે નથી તેમજ સી.સી.ટી.વી. ફુટેજ, સી.ડી.આર. કે અન્ય કોઇ પુરાવો મળી

આવેલ નથી. વધુમાં દલીલ છે કે, હાલના ગુનાના સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવાઓને ક્રિ.પ.અ.નં. ૬૦૭૦/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન ઉપર નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીન મુકત કરેલ છે, જેથી રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદાનાં સિધ્ધાંત મુજબ હાલનાં આરોપીને પેરીટીનો લાભ આપી જામીન પર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનામાં આરોપી સામે દેહાંત દંડ કે આજીવન કેદની સજાને પાત્ર ગુનો નથી અને ટ્રાયલ ચલાવવાની હકુમત નીચલી કોર્ટને છે, તેવી કાયદાની સ્પષ્ટ જોગાવઇઓ ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે અને જો આરોપીને લાંબો સમય કસ્ટડીમાં રહેવું પડે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બને તેમ છે અને આરોપી ભરૂચ જિલ્લાનાં કાયમી રહેવાસી છે અને વેપાર કરી પોતાનાં પરીવારનું ગુજરાન ચલાવે છે અને માલ મિલકત ધરાવે છે, જેથી નાસીભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે તેમની દલીલનાં સમર્થનમાં <u>સંજયચંદ્ર વિ. સી.બી.આઇ., ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં. ૯૩</u> તથા <u>અનીલ ઉર્ફે ડબલી મનસુખભાઇ બારીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૫** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર/આરોપી રાજકોટ જિલ્લાનાં વતની છે અને ઘણા સમયથી વતનમાં જતા રહેલ અને સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મીએ દારૂનાં ધંધામાં ડ્રાઇવીંગ કરવા બોલાવતા આરોપી છેલ્લા ત્રણેક મહિનાથી ડ્રાઇવીંગ કરવા આવેલ હતો અને સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી તથા પાર્ટનર સહ–આરોપી સિધ્ધાર્થ પરમારની સુચનાં મુજબ વિદેશી દારૂની હેરાફેરી કરતા હતા અને તેને માસીક

રૂા. ૨૦,૦૦૦/– પગાર મળતો હતો. હાલનાં અરજદાર/આરોપી આઇસર ટ્રક લઇ અંકલેશ્વરથી દમણ ગયેલ અને ત્યાંથી દારૂ ભરી આવી ગુનાવાળી જગ્યાએ પહોંચેલ હતા અને રેઇડ દરમ્યાન પકડાઇ ગયેલ છે અને હાલનાં અરજદાર/આરોપી તથા સહ–આરોપીઓનાં કબજામાંથી પ્રતિબંધીત ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં નાની–મોટી બોટલ/ટીન નંગ–૭૨૦૦ કિં. રૂા. ૨૫,૬૪,૨૦૦/– નો મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ છે, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપીનાં મોબાઇલનાં છેલ્લા છ માસનાં સી.ડી.આર. મંગાવતા તેઓ સહ–આરોપી સિધ્ધાર્થ પરમાર સાથે ૩૭૪ વખત, સહ–આરોપી પાર્ટનર જયદિપ ઉર્ફે જીમ્મીનાં બે મોબાઇલ સાથે ૮૧ વખત સંપર્કમાં હોવાનું જણાયેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં ગુનાના અલગ–અલગ કુલ–૬ આરોપીઓ દ્વારા અગાઉ સેસન્સ કોર્ટમાં જામીન અરજીઓ કરેલ છે, જે નામંજુર થયેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો ભરૂચ જિલ્લા બહારના વતની હોય નામ. કોર્ટની શરતોનું પાલન નહી કરી ટ્રાયલ વખતે હાજર રહેશે નહી તેવી શકયતા રહેલી છે અને ગુનામાં પ્રોહી.નો જથ્થો મોકલનાર આરોપી હાલ સુધી પકડાયેલ નથી, જેથી તપાસને ક્ષતી પહોંચે તેવી શકયતા રહેલી છે, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા, પોલીસને બાતમી મળેલ કે, પ્રોહીબીશન બુટલેગર સહ–આરોપી કિરણસિંહ ચૌહાણ આમોદ–મગણાદ રોડ ઉપર આવેલ ક્રિષ્ના કાઠીયાવાડીનાં કમ્પાઉન્ડમાં એક ફોરવ્હીલ ગાડી નં. જીજે–૧૬–સી.બી.–૬૭૬૪ તથા આઇસર ટ્રક રજી. નં. જીજે–૧૩–એ.ડબલ્યુ.–૨૭૪૦ સાથે બીજા પાંચેક માણસો લઇને ઉભો છે, જે શંકાસ્પદ છે, જેથી પોલીસે પંચોને સાથે રાખી સ્ટાફનાં માણસો સાથે આ જગ્યા ઉપર રેઇડ કરતા ઉપરોકત બન્ને ગાડીઓ સ્થળ ઉપર મળી આવેલ અને આઇસર ટ્રક રજી. નં.

જીજે–૧૩–એ.ડબલ્યુ.–૨૭૪૦ માંથી પોલીસે ભારતીય બનાવટનાં વિદેશી દારૂનાં ૧૯૫ બોકસ જેમાં નાની–મોટી બોટલ/ટીન નંગ–૭૨૦૦ કિં. રૂા. ૨૫,૬૪,૨૦૦/– નો મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ છે. વધુમાં સદર આઇસર ટ્રકનાં ડ્રાઇવર તરીકે હાલનાં અરજદાર/આરોપી નિરંકુશ અનિલભાઇ લહાસેનાઓ હતા તથા સહ–આરોપી કિરણસિંહ ગેમલસિંહ ચૌહાણ તથા સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી અનિલભાઇ સોલંકીનાંઓ ટ્રક અને ગાડીની વચ્ચે ઉભેલા મળી આવેલ અને ગાડી નં. જીજે–૧૬–સી.બી.–૬૭૬૪ માં બેસેલ ઇસમોનાં નામ પુછતા સહ–આરોપી સિધ્ધાર્થ મહેન્દ્રભાઇ પરમાર તથા સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવા તથા સહ–આરોપી મેહુલકુમાર અરવિંદભાઇ પાટડીયાનાઓ મળી આવેલ. આમ, ગુનાનાં કામે હાલનાં અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે તો, જે આઇસર ટ્રકમાથી મુદ્દામાલ દારૂ મળી આવેલ છે તે આઇસર ટ્રકના ડ્રાઇવર તરીકે હાલનાં અરજદાર/આરોપી હતા અને તેઓને માસીક રૂા. ૨૦,૦૦૦/– ના પગારથી આ ગુનાના સહ–આરોપી જયદિપ ઉર્ફે જીમ્મી તથા સિધ્ધાર્થ પરમાર કે જેઓ પાર્ટનરશીપમાં દારૂનો ધંધો કરતા હોય તેઓએ હાલનાં અરજદાર/આરોપીને ડ્રાઇવર તરીકે નોકરીમાં રાખેલ છે અને હાલનાં જ અરજદાર/આરોપી આ મુદ્દામાલ દારૂ લેવા આઇસર ટ્રક લઇ દમણ મુકામે ગયેલા છે તેમજ તેઓ અન્ય સહ–આરોપી સિધ્ધાર્થ તથા જયદિપ સાથે સતત સંપર્કમાં રહેલાની હકીકત ખુલેલી છે, ત્યારે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે અને હાલ ગુનાની તપાસ ચાલુ હોય આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) આરોપીનાં વિ. વકીલશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ રહેલી છે કે, આ ગુનાનાં અન્ય સહ–આરોપી દિપકભાઇ અમરસંગ વસાવાને નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે, જેથી હાલનાં આરોપીને રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ

ગુજરાતનાં ચુકાદા મુજબ પેરીટીનાં સિધ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

ઉપરોકત રજુઆતનાં સંદર્ભમાં હાલનાં અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો, હાલનાં અરજદાર/આરોપી આઇસર ટ્રક લઈને દમણ મુકામે ગયેલા છે અને ત્યાંથી આઇસર ટ્રકમાં મુદ્દામાલ દારૂ ભરી લાવીને સ્થળ ઉપર અન્ય સહ–આરોપીઓ સાથે પકડાયેલા છે તે હકીકત ધ્યાને લેતા, નામ. હાઇકોર્ટ દ્વારા જે આરોપીને જામીન ઉપર મુકત કરેલ છે, તે આરોપી દિપકભાઇ વસાવાનાઓ પાર્ટનરશીપમાં ધંધો કરતા સહ–આરોપીઓ સિધ્ધાર્થ તથા જયદિપનાઓને ગ્રાહકો શોધી આપતા હતા અને પૈકી આ ગુનાના અન્ય સહ–આરોપી રવિદાસ ઉર્ફે લાલાને ગ્રાહક તરીકે શોધી આપેલ હતો. આમ, નામ. હાઇકોર્ટ દ્વારા સહ–આરોપી દિપકભાઇ વસાવાને જામીન ઉપર મુકત કરેલ તે આરોપીનો ગુનામાં રોલ જોતા, મુદ્દામાલ દારૂ સહ–આરોપી દિપક વસાવાએ મંગાવેલ ન હતો કે તે લેનાર તરીકે ન હતો અને તે મુખ્ય આરોપી વતી કામ કરી રહેલ હતો, જેથી સહ–આરોપી દિપક વસાવાને નામ. ગુજરાત હાઇકોર્ટે જામીન ઉપર મુકત કરેલ છે, તે સંજોગોમાં હાલનાં અરજદાર/આરોપીનાં કબજાનાં આઇસર ટ્રકમાંથી મુદ્દામાલ દારૂ કબજે થયેલ છે, ત્યારે જામીન મુકત સહ–આરોપી કરતા વધુ પ્રમાણમાં રોલ હોય, હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી, જેથી આરોપીના વિ. વકીલશ્રીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદાર/આરોપી સામેનાં આક્ષેપીત ગુનાની હકીકતો ધ્યાને લેતા, પ્રથમદર્શનીય રીતે ગંભીર પ્રકારનો સમાજ વિરૂધ્ધના ગુનાનો આક્ષેપ છે, પોલીસે આરોપીને ગુનામાં સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ મેળવેલ છે અને હાલ ગુનાની તપાસ ચાલુ છે તેમજ હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનાં સિધ્ધાંતનો લાભ મળવાપાત્ર નથી, તે સંજોગોમાં ગુનાની ગંભીરતા વિગેરે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા આરોપીને

જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ ન હોય હાલની જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **નિરંકુશ અનિલભાઇ લહાસે,** રહે. જે.પી. કેમીકલ કંપની સામે, પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ, હાલ – જિલ્લા જેલ ભરૂચનાઓની જંબુસર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પાર્ટ–સી ૧૧૧૯૯૦૨૭૨૬૦૦૯૨/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC